

સ્ક્રોલિંગ
★ હરિત મુનશી

# દેશમાં AI એજ્યુકેશનનો યુગ શરૂ થશે, એક્સિલેન્સ સેન્ટર બનાવાશે

AIનો ટ્રેન્ડ દુનિયાભરમાં પૂરજોશમાં આગળ વધી રહ્યો છે. એક તરફ AIમાં અમેરિકા-ચીન વચ્ચે આગળ વધી જવાની હોડ જામી છે ત્યારે ભારતમાં પણ AIના કેટલાય સ્ટાર્ટઅપ્સ જુદી જુદી ટેકનોલોજી વિકસાવવા માટે પ્રયાસો કરે છે. દેશમાં AI ટેકનોલોજીની મદદથી જુદાં જુદાં ક્ષેત્રોમાં સંશોધનો થઈ રહ્યાં છે.

દરેક ક્ષેત્રમાં AIનો ડંકો વાગી રહ્યો છે. હેલ્થથી લઈને મોબાઈલ સર્ચ સુધી AI ઉપયોગી થાય છે ત્યારે ભારત એમાં પાછળ ન રહી જાય તે માટે સરકારે AIના ક્ષેત્રને આગળ વધારવા બજેટમાં જોગવાઈ કરી છે. 2024ના બજેટમાં AI માટે 800 કરોડ રૂપિયાની ફાળવણી થઈ હતી. એક જ વર્ષમાં આ બજેટ 800 કરોડમાંથી સીધું 2200 કરોડ થયું છે ને તે છતાં અમેરિકા-ચીનની સરખામણીએ આ ફાળવણી ઘણી ઓછી છે.

AIની 2200 કરોડની ફાળવણીમાંથી 500 કરોડ રૂપિયા AI એક્સિલેન્સ સેન્ટર બનાવવા પાછળ ફાળવાયા છે. એ બહુ જ મહત્ત્વનો નિર્ણય છે. આમેય ઘણા સમયથી AIના રિસર્ચ પાછળ ખાસ ભાર મુકાતો હતો. એક્સપર્ટ્સ કહેતા હતા કે હવે AIને લગતા રિસર્ચ દેશમાં થાય એ ખૂબ જરૂરી છે. ભારતમાં AI મોડલ્સ બનશે તો તેનાથી દેશને ફાયદો થશે. અત્યાર સુધી AIની ટેકનોલોજી માટે આપણે બહુધા વિદેશી ટેકનોલોજી પર આધારિત છીએ.

AI એક્સિલેન્સ સેન્ટરની આ પહેલ દેશને નવા AI એક્સપર્ટ્સ આપશે. અગાઉ આ પ્રકારના ત્રણ એક્સિલેન્સ સેન્ટર બનાવવાની જાહેરાત થયેલી પરંતુ આ સેન્ટર એ ત્રણથી વધુ આધુનિક, વધુ મોટું હશે. એના માટે કેવી વ્યવસ્થા હશે અને કેવી રીતે તાલીમ આપશે એ હજુ સ્પષ્ટ થયું નથી પરંતુ



AI એક્સિલેન્સ સેન્ટર બનાવવાની જાહેરાત બહુ સમયસરની છે. સંખ્યા હજુ ઘણી ઓછી કહેવાય. અગાઉ ત્રણ સેન્ટર અને વધુ એક સેન્ટર એમ ચાર સેન્ટર બને તો એ દેશની યુવાવસતિના પ્રમાણમાં ઓછા કહેવાય છતાં એક શરૂઆતના રૂપમાં પણ આ પહેલ અગત્યની છે.


આ એક્સિલેન્સ સેન્ટરમાં યુવાનોને વિવિધ AIની ટેકનોલોજી ડેવલપ કરવાની તાલીમ મળશે. સંશોધનોની તક મળશે. ક્યા ક્ષેત્રમાં AIના મોડલથી કેવો ફાયદો મળશે તે જાણી શકાશે. હેલ્થ, એજ્યુકેશન જેવા ચાવીરૂપ સેક્ટર્સમાં AI મોડલ્સ કેવી રીતે ઉપયોગી થશે તેનો અભ્યાસ કરીને આ સેન્ટરનાં સંશોધનો નવા AI મોડલ બનાવશે તો એનાથી દેશને સ્વદેશી AI ટેકનોલોજી મળશે.

ભારતે AI ટેકનોલોજીમાં આત્મનિર્ભર બનવું હશે તો સ્વદેશી AI ટેક્નિક અને સ્વદેશી એક્સપર્ટ્સ વગર એ શક્ય બનવાનું નથી. AIનું વિધિસરનું શિક્ષણ એ દિશામાં પહેલું ડગલું છે.

આ સિવાય મહારાષ્ટ્રમાં એક AI યુનિવર્સિટી બનાવવાની દિશામાં પણ કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રયાસો કરે છે. એ દેશની પ્રથમ AI યુનિવર્સિટી હશે. ટાસ્ક ફોર્સને આ યુનિવર્સિટીની રૂપરેખા બનાવવાનું કામ સોંપાયું છે. આ યુનિવર્સિટીમાં ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશનના સ્તરે AI પ્રોફેશનલ્સને તૈયાર કરવાનું કામ થશે. સરકાર IIT મુંબઈ અને IIM મુંબઈની મદદથી આ યુનિવર્સિટી બનાવવા માટે પ્રયાસો કરે છે.

AI એક્સિલેન્સ સેન્ટર અને AI યુનિવર્સિટી કાર્યરત થશે પછી દર વર્ષે હજારો AI એક્સપર્ટ મળશે. જે કંપનીઓ માટે, સંશોધનો માટે કામ કરશે. AIના જમાનામાં આગામી સમયમાં દરેક કંપનીને, દરેક સંસ્થાને પોતાના ડિઝાઈનર AI મોડલની જરૂર પડશે. એવા AI મોડલ્સ કંપનીની વર્ક પ્રોફાઈલ પ્રમાણે ડિઝાઈન થશે એટલે ફોક્સ થઈને કામ કરી શકે. એવા મોડલ્સ

**બજેટમાં AI માટે 2200 કરોડ રૂપિયાની ફાળવણીની જાહેરાત થઈ છે. પાંચ વર્ષમાં આ ક્ષેત્રમાં 10 હજાર કરોડ રૂપિયાનું ફંડ અપાશે. ગત બજેટના 800 કરોડની સામે આ વખતે અઢી ગણું બજેટ વધ્યું એ દેશમાં જોવા મળતા AI ટ્રેન્ડનું પરિણામ છે**



બનાવવા માટે હજારો લાખો એક્સપર્ટ્સની જરૂર પડશે. અત્યારે વ્યાપક માન્યતા એવી છે કે AI મોટા પાયે નોકરીઓ ગળી જશે. શરૂઆતમાં એ વાત સાચી પણ પડશે. કદાચ ઘણાં ક્ષેત્રોમાં AIની ટેકનોલોજીના કારણે બેરોજગારીનો ભય સતાવી રહ્યો છે પરંતુ AIના ક્ષેત્રમાં નવી રોજગારી સર્જાશે. AI મોડલ્સ, AI ટેકનોલોજી, AI ડિવાઈસ બનાવવા માટે એક્સપર્ટ્સની જરૂર પડશે, પરિણામે એ ક્ષેત્રમાં નવેસરથી રોજગારી સર્જાશે. ભારતના IT પ્રોફેશનલ્સે દુનિયામાં નામ બનાવ્યું છે. ભારતના ITટી પ્રોફેશનલ્સને અમેરિકાની વિખ્યાત સિલિકોન વેલીમાં સન્માનની નજરે જોવામાં આવે છે. એમાંથી કેટલાય આજે કંપનીમાં ટોપ પોઝિશનમાં છે. એ જ તર્જ પર ભારતના AI પ્રોફેશનલ્સ પણ ભવિષ્યમાં દબદબો બનાવે એ દિશામાં બજેટમાં સમયસરની જાહેરાતો થઈ છે. સત્વરે AI એક્સિલેન્સ સેન્ટર ને યુનિવર્સિટીઝ બને એ આવશ્યક છે. અમેરિકા-ચીન જેવા સ્પર્ધકોને ટક્કર આપવા સ્વદેશી એક્સપર્ટ્સ વગર ચાલવાનું નથી.